પ્રસાર ભારતી

સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Evening National News 02-02-2023 at 7.50 PM**

## આકાશવાણી સમાચાર ખ્યાતિ પુરોહિત વાંચે છે.

*******************************************************************************************

- અદાણી ઉદ્યોગ જૂથ માટે હિન્ડનબર્ગના અહેવાલ અંગે તપાસની માંગ સાથે આજે સંસદનાં બન્ને ગૃહોમાં વિરોધપક્ષના દેખાવો.
- બન્ને ગૃહોની બેઠક સમગ્ર દિવસ માટે સ્થગિત કરવામાં આવી
- વિવિધ ઉદ્યોગ સંગઠનોએ કેન્દ્રીય અંદાજપત્રને પ્રગતિશીલ અને વિકાસલક્ષી ગણાવીને આવકાર્યું
- યુવા બાબતો અને રમતગમત મંત્રાલય માટે અંદાજપત્રિત જોગવાઈમાં 2022-23ની સરખામણીમાં 11 ટકાનો વધારો કરવામાં આવ્યો
- 2024 સુધીમાં દેશના દરેક ગ્રામીણ ઘરમાં નળ દ્વારા પાણીનું જોડાણ અપાશે
- જોધપુરમાં આજથી જી-20 સંગઠનના ઉપક્રમે રોજગાર કાર્યજૂથની પ્રથમ બેઠક શરૂ થઇ, શિક્ષણ કાર્ય જૂથની બેઠક ચેન્નાઈમાં યોજાઈ.

*******************************************************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા )

# PAR-ADJOURN

અદાણી ઉદ્યોગ જૂથ અંગેના હિન્ડનબર્ગના અહેવાલ અંગે તપાસની માંગ સાથે આજે સંસદનાં બન્ને ગૃહોમાં વિરોધ પક્ષના દેખાવોના પગલે બન્ને ગૃહોની બેઠક સમગ્ર દિવસ માટે સ્થગિત કરવામાં આવી હતી. આજે સવારે, જ્યારે લોકસભાની બેઠક મળી ત્યારે વિપક્ષના સભ્યોએ આ મુદ્દો ઉઠાવ્યો હતો અને ગૃહની મધ્યમાં ધસી ગયા હતા. અધ્યક્ષ ઓમ બિરલાએ પ્રશ્નોત્તરી ચલાવવાનો પ્રયાસ કર્યો અને સભ્યોને પોતાની બેઠકો પર પાછા જવા વારંવાર અપીલ છતાં, વિરોધ ચાલુ રહેતાં ગૃહની કાર્યવાહી બપોરે બે વાગ્યા સુધી મોકૂફ રખાઈ હતી.

બપોરે 2 વાગે ફરી લોકસભાની બેઠક મળી ત્યારે, કોંગ્રેસ, T.M.C., D.M.K. અને અન્ય પક્ષના સભ્યો આ બાબત સંદર્ભે તપાસની માંગ સાથે ગૃહની મધ્યમાં ધસી ગયા હતા. સમાજવાદી પાર્ટી, B.S.P, શિવસેના (UBT) અને અન્યપક્ષના સભ્યોએ પણ ઉભા થઈને દેખાવો કર્યા હતા. જયારે ઘોંઘાટીયા દ્રશ્યો વચ્ચે, સંસદીય બાબતોના મંત્રી પ્રહલાદ જોશીએ વિરોધ કરી રહેલા સભ્યોને રાષ્ટ્રપતિના સંબોધન પર ગૃહમાં ચર્ચા દરમિયાન તેમાં ભાગ લેવા અપીલ કરી હતી. હોબાળો ચાલુ રહેતાં ગૃહની કાર્યવાહી દિવસભર માટે સ્થગિત કરવામાં આવી હતી. જયારે રાજ્યસભામાં પણ આવું જ બન્યું હતું.

સવારે ઉપલા ગૃહની બેઠક મળી ત્યારે, વિપક્ષના સભ્યો દ્વારા LIC, જાહેર ક્ષેત્રની બેંકો અને નાણાકીય સંસ્થાઓ દ્વારા બજાર મૂલ્ય ગુમાવતી કંપનીઓમાં મૂડીરોકાણના મુદ્દા પર ચર્ચાની માંગણી કરવામાં આવી અને આ અંગે સભા મોકૂફ દરખાસ્ત રજુ કરી હતી.

જો કે સભાપતિ દ્વારા તે નામંજૂર કરવામાં આવી હતી. જેના કારણે કોંગ્રેસ, TMC, DMK, AAP, સમાજવાદી પાર્ટી, ડાબેરીઓ અને અન્ય વિપક્ષી પાર્ટીના સભ્યોએ ગૃહમાં ઘોંઘાટનાં દ્રશ્યો સર્જ્યાં હતા. ઘોંઘાટનાં દ્રશ્યો ચાલુ રહેતાં ગૃહની બેઠક બપોરે બે વાગ્યા સુધી સ્થગિત કરી હતી અને ગૃહની બેઠક ફરી મળી ત્યારે પણ વિપક્ષી સભ્યોએ સૂત્રોચ્ચાર અને હંગામો ચાલુ રાખતાં રાજ્યસભાના સભાપતિ જગદીપ ધનખડે ગૃહની કાર્યવાહી સમગ્ર દિવસ માટે સ્થગિત કરી દીધી હતી..

# LS-LED BULBS

ઉર્જા અને પુનઃપ્રાપ્ય ઉર્જા મંત્રી આર.કે. સિંહે જણાવ્યું છે કે કન્વર્જન્સ એનર્જી સર્વિસિસ લિમિટેડ દ્વારા અમલમાં મુકવામાં આવેલા પાયલોટ પ્રોજેક્ટ તરીકે બિહાર, ઉત્તર પ્રદેશ, આંધ્ર પ્રદેશ, કર્ણાટક અને તેલંગાણાના ગ્રામીણ વિસ્તારોમાં એક કરોડ L.E.D. બલ્બનું વિતરણ કરવામાં આવ્યું છે.

લોકસભામાં એક પ્રશ્નના લેખિત જવાબમાં મંત્રીએ કહ્યું કે, ગ્રામ ઉજાલા યોજનાના પાયલટ પ્રોજેક્ટ હેઠળ L.E.D. બલ્બનું વિતરણ પૂર્ણ થઈ ગયું છે..

# BUDGET REACTIONS

વિવિધ ઉદ્યોગ સંગઠનો અને મૂડી રોકાણકારોએ કેન્દ્રીય અંદાજપત્રને પ્રગતિશીલ અને વિકાસલક્ષી ગણાવીને આવકાર્યું છે. ભારતીય વેપાર ઉદ્યોગ મહામંડળ- ફિક્કીના પ્રમુખ સુભ્રકાંત પાંડાએ જણાવ્યું કે ભારત અત્યારે વિશ્વની પાંચમી સૌથી મોટી અર્થવ્યવસ્થા છે ત્યારે આ વર્ષનું અંદાજપત્ર માત્ર સ્થાનિક લોકો માટે જ નહીં પરંતુ ભારતને વિશ્વના વિકાસના એન્જિનમાં સ્થાન આપવા તરફનું પગલું પણ છે.

ભારતીય ઉદ્યોગ મહામંડળના પ્રમુખ સંજીવ બજાજે અંદાજપત્રને વિકાસલક્ષી ગણાવ્યું છે અને કહ્યું છે કે, જાહેર મૂડીગત ખર્ચમાં ૩૩ ટકાનો વધારો થતાં રોજગારીનું સર્જન થશે. એસોચેમના પ્રમુખ સુમંત સિન્હાએ જણાવ્યું કે, અંદાજપત્રમાં કરવામાં આવેલી જાહેરાતથી વેપાર ઉદ્યોગની સરળતામાં વધારો થશે અને મધ્યમ, લઘુ, સૂક્ષ્મ, ઉદ્યોગોને મદદ મળશે. કોંગ્રેસે પણ કરવેરામાં ઘટાડા સંબંધિત જાહેરાતને આવકારી છે. સંસદ બહાર મીડિયા સાથે વાત કરતાં સંસદસભ્ય કાર્તિ ચિદમ્બરમે કહ્યું કે કર કપાત આવકાર્ય પગલું છે. અન્ય સાંસદ શશિ થરૂરે પણ કહ્યું કે અંદાજપત્રમાં કેટલીક બાબતો સારી છે. જોકે, તેમણે કહ્યું કે અંદાજપત્રમાં મનરેગા, બેરોજગારી અને મોંઘવારી જેવી બાબતોનો કોઈ ઉલ્લેખ નથી..

# BJP- NAGALAND MEGHALAYA

ભારતીય જનતા પાર્ટીએ નાગાલેન્ડમાં નેશનલ ડેમોક્રેટિક પ્રોગ્રેસિવ પાર્ટી- N.D.P.P. સાથે ચૂંટણી જોડાણ કરીને વિધાનસભાની ચૂંટણી લડવાનો નિર્ણય કર્યો છે. ભાજપ 20 બેઠકો પર જ્યારે N.D.P.P. 40 બેઠકો પર ચૂંટણી લડશે. નવી દિલ્હીમાં પત્રકાર પરિષદને સંબોધતાં ભાજપના પ્રદેશ પ્રમુખ ટેમજેન ઇમના અલંગે જણાવ્યું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં મળેલી કેન્દ્રીય ચૂંટણી સમિતિની બેઠકમાં નાગાલેન્ડ વિધાનસભાની ચૂંટણી, N.D.P.P. સાથે સંયુક્ત રીતે લડવાનો નિર્ણય કરાયો હતો. ભાજપે નાગાલેન્ડમાં ઉમેદવારોની યાદી પણ બહાર પાડી છે.

નાયબ મુખ્યમંત્રી વાય પેટન, તુઈ બેઠક પરથી અને ટેમજેન અલંગ, અલંગ ટાકીથી ચૂંટણી લડશે. દરમિયાન, ભાજપે આજે મેઘાલય વિધાનસભાની ચૂંટણી માટે ઉમેદવારોની યાદી જાહેર કરી છે. તમામ 60 બેઠકો પર ભાજપે એકલા હાથે ચૂંટણી લડવાનો નિર્ણય કર્યો છે. મેઘાલયના ભાજપના પ્રદેશ પ્રમુખ અર્નેસ્ટમાવરી પશ્ચિમ શિલોંગ બેઠક પરથી ચૂંટણી લડશે. પક્ષના પ્રવક્તા ઋતુરાજ સિન્હાએ કહ્યું કે લોકોની ભાવનાઓને ધ્યાનમાં રાખીને પહેલીવાર ભાજપ નેતૃત્વએ મેઘાલયની તમામ 60 બેઠકો પર ચૂંટણી લડવાનો નિર્ણય કર્યો છે.

મેઘાલયના લોકો ભ્રષ્ટાચાર અને વિકાસની ધીમી ગતિથી કંટાળી ગયા છે. તેમણે કહ્યું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભારતે પ્રથમ વખત પૂર્વોત્તરના લોકોને મુખ્ય પ્રવાહમાં લાવવા માટે મક્કમ અને સાતત્યપૂર્ણ પગલાં લીધાં છે. લગભગ 85 ટકા વિસ્તારોમાં લશ્કરી દળોને સત્તા આપતા કાયદાનો અમલ દૂર કર્યો છે. નાગાલેન્ડ અને મેઘાલયની વિધાનસભા માટે 27 ફેબ્રુઆરીએ એક જ તબક્કામાં ચૂંટણી યોજાવાની છે. બંનેમાં ધારાસભ્ય સંખ્યા 60 છે.

ચૂંટણી માટે 31 મી જાન્યુઆરીથી સાતમી ફેબ્રુઆરી દરમિયાન ઉમેદવારીપત્રો ભરાશે. T.M.C., કોંગ્રેસ અને N.P.P.એ પણ તમામ 60 ઉમેદવારોની યાદી જાહેર કરી છે, જ્યારે U.D.P. એ ગારો વિસ્તારની 15 સહિત કુલ 45 બેઠકોના ઉમેદવારોની જાહેરાત કરી છે. દરમિયાન રાનીકોર મતવિસ્તારના પાંચ વખત ધારાસભ્ય રહી ચુકેલા અને N.P.P.ના ઉમેદવાર, માર્ટિન ડાંગો ભાજપમાં જોડાયા છે. ભાજપના નેતા અને આસામના મુખ્યમંત્રી હેમંત બિસ્વા શર્માને તેઓ મળ્યા ત્યારથી જ તેઓ ભાજપમાં જોડાય તેવી અટકળો વહેતી થઈ હતી. ખારકુટ્ટા મતવિસ્તારમાં કોંગ્રેસના ભૂતપૂર્વ ધારાસભ્ય ઓમિલો સંગમા પણ ટેકેદારો સાથે ગઈકાલે ભાજપમાં જોડાયા છે..

# RAILWAY – EARNING

રેલવે મુસાફરીની આવકમાં 73 ટકાનો વધારો થયો છે. એપ્રિલથી જાન્યુઆરી 2023 સુધીમાં મુસાફરી હેઠળ કુલ કમાણી 54 હજાર 733 કરોડ રૂપિયા છે જે ગયા વર્ષે આશરે 31 હજાર કરોડ રૂપિયા હતી.

રેલ્વે મંત્રાલયે જણાવ્યું કે, આ સમયગાળા દરમિયાન મુસાફરોની કુલ અંદાજિત સંખ્યા 65 કરોડ, 90 લાખ હતી જે ગયા વર્ષના આ સમયગાળા દરમિયાન 61 કરોડ, 81 લાખ હતી. મંત્રાલયે જણાવ્યું કે, રીઝર્વેશન વિનાના મુસાફરો પાસેથી મળેલી આવક ગયા વર્ષના બે હજાર 555 કરોડ રૂપિયાની સરખામણીએ 11 હજાર, 788 કરોડ રૂપિયાથી વધુ છે, જે 361 ટકાનો વધારો દર્શાવે છે..

# ANURAG - BUDGET ALLOCATION

યુવા બાબતો અને રમતગમત મંત્રાલય માટે અંદાજપત્રિત જોગવાઈમાં 2022-23ની સરખામણીમાં 11 ટકાનો વધારો કરવામાં આવ્યો છે. મંત્રાલયે જણાવ્યું છે કે, ભારતમાં 2010 માં રાષ્ટ્રમંડળ રમતોત્સવ યોજાયો ત્યારબાદ રમતગમત માટે આ વખતે સૌથી વધુ જોગવાઈ કરાઇ. 2023-24 ના વર્ષ માટે ત્રણ હજાર, 397 કરોડ રૂપિયાથી વધુની જોગવાઈ કરી છે.

યુવા બાબતો અને રમતગમતમંત્રી અનુરાગસિંહ ઠાકુરે કેન્દ્રીય અંદાજપત્રમાં રમતગમત અને યુવા ક્ષેત્રને પ્રાધાન્ય આપવા બદલ નાણાંમંત્રી નિર્મળા સીતારમણનો આભાર માન્યો છે. તેમણે કહ્યું કે, દેશમાં હાલની રમતગમત વ્યવસ્થાને સંપૂર્ણ રીતે સુધારવાની જરૂરિયાતને ઓળખીને, કેન્દ્ર સરકારે પાયાના સ્તરની પ્રતિભાઓને ઓળખવા તેમજ માળખાકીય સુવિધાઓનું નિર્માણ કરવા અને એકંદર રમતગમત માળખાંનું નિર્માણ કરવા પર અભૂતપૂર્વ ધ્યાન આપ્યું છે.

# GOVT - JAL JEEVAN MISSION

દેશમાં અગિયાર કરોડ, પાંચ લાખ ગ્રામીણ પરિવારોના ઘરમાં નળ દ્વારા પાણીનો પુરવઠો મળી રહ્યો છે. જળશક્તિ રાજ્યમંત્રી પ્રહલાદસિંહ પટેલે જણાવ્યું કે સરકાર 2024 સુધીમાં દેશના દરેક ગ્રામીણ ઘરમાં નળ દ્વારા પાણીનું જોડાણ આપવા માટે જળજીવન મિશનનો અમલ કરી રહી છે.

આજે લોકસભામાં એક પ્રશ્નના લેખિત જવાબમાં શ્રી પટેલે આ માહિતી આપી હતી. તેમણે કહ્યું કે, જળજીવન મિશનની જાહેરાત સમયે, ત્રણ કરોડ, 23 લાખ ગ્રામીણ પરિવારોના ઘરમાં નળ દ્વારા પાણીના જોડાણ હતાં. હવે અત્યાર સુધીમાં વધુ સાત કરોડ, 81 લાખ ગ્રામીણ પરિવારોને નળ મારફતે પાણીનાં જોડાણો આપવામાં આવ્યાં છે.

# JODHPUR - G 20

રાજસ્થાનના જોધપુર શહેરમાં આજથી જી-20 સંગઠનના ઉપક્રમે રોજગાર કાર્યજૂથની પ્રથમ બેઠક શરૂ થઇ છે. રોજગાર કાર્યજૂથ હેઠળ ટકાઉ, સંતુલિત, સર્વસમાવિષ્ટ અને રોજગારીમાં વૃદ્ધિને વિકસાવવા માટે શ્રમ, રોજગાર અને સામાજિક મુદ્દાઓ અંગે ચર્ચા હાથ ધરવામાં આવી છે. વૈશ્વિક કક્ષાના કૌશલ્ય અને લાયકાતના સુમેળ માટે યોગ્ય વ્યૂહરચના ઘડવા તથા તેને અનુલક્ષીને માળખું વિકસાવવા માટે આ ત્રણ દિવસીય બેઠકમાં વિચાર વિમર્શ કરવામાં આવશે.

ભારત ઉપરાંત સંગઠનના 19 દેશો, યુરોપીય સંઘ તથા 9 આમંત્રિત દેશો અને પ્રાદેશિક તથા આંતરરાષ્ટ્રીય નવ સંગઠનોના પ્રતિનિધિઓ આ બેઠકમાં હાજરી આપી રહ્યા છે. આજની પ્રારંભિક બેઠક બાદ, આવતીકાલની બેઠકમાં બે વિષયો પર ચર્ચા થશે. પ્રથમ બેઠકમાં વૈશ્વિક કૌશલ્યોની માંગ અને જરૂરી માનવ બળ અંગેની ચર્ચા યોજાશે, જેમાં કામદારોને સામાજિક સુરક્ષા આપવાના મુદ્દા પર પણ ચર્ચા કરવામાં આવશે. શનિવારે છેલ્લાં દિવસે, સામાજિક સુરક્ષા અને ટકાઉ ધિરાણ વિષય પર મનોમંથન યોજાશે.